For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in







(તસવીર : સતીષ જાદવ)

### સતત 7મી વખત સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ફરી 'ભગવો' લહેરાયો

# ભાજપ 'ધુરંધર', આપ 'સરન્ડર', કોંગ્રેસ 'એન્ટર'

**બહુ ગાજેલી આમ આદમી પાર્ટી માત્ર 4 બેઠકમાં જ સમેટાઇ ગઈ, કોંગ્રેસનું 1 બેઠક સાથે કમબેક**

**મત ગણતરીના શરૂઆતના ટ્રેન્ડમાં જ ભાજપ અગ્રેસર બની ગયું હતું, એક વોર્ડમાં પેનલ તૂટી**

**વોર્ડ નં.17માં આપની પેનલનો વિજય, વોર્ડ નં.12માં કોંગ્રેસની 1 બેઠક આવી**

**115 ભાજપ** | **04 આપ** | **01 કોંગ્રેસ**

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાનો દબદબો સાબિત કરવાની સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. મનપાની કુલ 120 બેઠકમાંથી ભાજપે 1995ની ચૂંટણી પછી સૌથી વધુ 115 બેઠક કબજે કરી છે. જ્યારે આપનો સુરતમાં સફાયો થઈ ગયો છે. જે આપ પાર્ટીને ગત વખતે 27 બેઠકો મળી હતી. તે પાર્ટી આ વખતે માત્ર 4 જ બેઠકો પર સિમિત થઈ ગઈ છે. જ્યારે કોંગ્રેસનું પાંચ વર્ષ બાદ ફરી મનપામાં આગમન થયું છે. કોંગ્રેસને એક બેઠક મળી છે. અગાઉ વર્ષ 1995માં મનપાની 99 બેઠક હતી ત્યારે ભાજપે 98 બેઠક જીતી હતી અને વર્ષ 2021માં 120 પૈકી 93 બેઠક જીતી હતી. આ વિક્રમ આ વખતની જીત સાથે તૂટ્યા છે. આ જીત

...અનુસંધાન પાના 9 પર

## સૌથી વધુ મતો ભાજપને, આપ બીજા અને કોંગ્રેસ ત્રીજા સ્થાને

**કુલ** 49.29 લાખથી વધુ મતમાંથી ભાજપાને સૌથી વધુ 28.84 લાખ મત મળ્યા

**આપના** 10.64 લાખ, જ્યારે કોંગ્રેસને 7.72 લાખ મત મળ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આજરોજ જાહેર થયેલા વોર્ડવાર મતદાનના આંકડાઓ મુજબ રાજકીય દૃશ્ય સ્પષ્ટ રીતે સામે આવ્યું છે. કુલ 30 વોર્ડના વિગતવાર આંકડાઓ દર્શાવે છે કે મતદાતાઓએ મુખ્યત્વે ત્રણ રાજકીય પક્ષો ભાજપા, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે પોતાનો મત વ્યક્ત કર્યો છે. જેમાં ભાજપાના ખોળે સૌથી વધારે મત પડ્યા છે. ત્યારપછી આપને અને પછી કોંગ્રેસને મત મળ્યા છે. ત્રણેય પક્ષોને મળેલા કુલ મત 49,29,308 થાય છે.

...અનુસંધાન પાના 9 પર

### વોર્ડવાર પ્રદર્શનનું વિશ્લેષણ

વોર્ડવાર આંકડાઓ જોતા ભાજપા મોટા ભાગના વોર્ડમાં આગળ રહી છે. ખાસ કરીને વોર્ડ નંબર 01, 02, 03, 08, 10 અને 22માં ભાજપાનું પ્રદર્શન ખૂબ જ મજબૂત રહ્યું છે. AAPએ કેટલીક જગ્યાએ ભાજપાને કડક ટક્કર આપી છે, ખાસ કરીને વોર્ડ નંબર 17 અને 16 જેવા વિસ્તારોમાં, જ્યાં AAPના મત નોંધપાત્ર રીતે ઊંચા રહ્યા છે. કોંગ્રેસે પણ કેટલાક વોર્ડમાં સારું પ્રદર્શન કર્યું છે, જેમ કે વોર્ડ નંબર 12 અને 13, પરંતુ તે સતત પ્રભાવ જાળવી શકી નથી.

### આપને પણ વિકલ્પ તરીકે મતદારોએ સ્વીકારી

આ પરિણામો દર્શાવે છે કે મતદાતાઓએ ભાજપા પર વિશ્વાસ જાળવી રાખ્યો છે, પરંતુ સાથે જ આમ

...અનુસંધાન પાના 9 પર

### ક્યા દિગ્ગજ જિત્યા, ક્યા દિગ્ગજ હાર્યા

**જીતેલા દિગ્ગજ**

■ પૂર્વ મેયર દક્ષેશ માવાણી ■ સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલ ■પુર્વ શાસકપક્ષ નેતા અમિતસિંહ રાજપૂત ■ પુર્વ ડેપ્યુટી મેયર નરેશ પાટીલ ■ભાજપના પુર્વ યુવા મોરચા પ્રમુખ મહેન્દ્ર પટેલ ■ ધારાસભ્ય મુકેશ પટેલના પી.એ. વિજય ભાટીયા ■ અલ્પેશ કથીરીયાના પત્નિ કાવ્યા પટેલ ■ ધારાસભ્ય અરવિંદ રાણાનો પી.એ.સંદીપ ચલકવાલા ■પુર્વ વિપક્ષી નેતા ધર્મેશ ભંડેરી ■ પુર્વ દંડક રચના હીરપરા

**હારેલા દિગ્ગજ નેતા**

■ આપના મનોજ સોરઠીયા ■ પૂર્વ વિપક્ષી નેતા પાયલ સાકરીયા ■ શહેર કોંગ્રેસ મહિલા પ્રમુખ મમતા સવાણી ■ પૂર્વ કોર્પો. નીતિન ભરૂચા

## ભાજપનો પનો ટૂંકો પડતાં વોર્ડ નં.17માં આપની પેનલ જીતી

**ગત** ચૂંટણીમાં આપને સરેરાશ 40 હજાર મતો મળ્યા અને લીડ પણ 28થી 30 હજારની હતી

**આ** વખતે આપને સરેરાશ 22 હજાર મતો જ મળ્યા અને લીડ ઘટીને 1 હજારથી 1500 મતની રહી

સુરતઃ સુરત મહાપાલિકામાં ભાજપે 30 વોર્ડ પૈકી 29 વોર્ડમાં જીત મેળવી. એક જ 17 નંબરનો વોર્ડ ભાજપે ગુમાવવો પડ્યો. જેમાં આપની પેનલ જીતી હતી. આ વોર્ડમાં આપની પેનલ એટલા માટે જીતી કે ગત વખતની ચૂંટણીમાં આ જ વોર્ડ આપ માટે સૌથી મજબુત વોર્ડ રહ્યો હતો. આ વોર્ડમાં મતદારોની સંખ્યા સામે આપના ઉમેદવારોને સૌથી વધુ લીડ મળી હતી.

2021ની ગત વખતની ચૂંટણીમાં આપના ઉમેદવારોએ આ વોર્ડમાં સરેરાશ 40થી 41 હજાર મતો મેળવવાની સાથે સરેરાશ 28થી 30 હજાર મતોની લીડ લીધી હતી. આપને જેટલી લીડ મળી હતી તેના કરતાં ઓછા મતો ભાજપના ઉમેદવારોને મળ્યા હતા. જોકે, બાદમાં આ વોર્ડમાંથી આપના કેટલાક કોર્પોરેટરો ભાજપમાં

...અનુસંધાન પાના 9 પર

## તળ સુરતીઓની અવગણનાથી વોર્ડ નં.12માં ભાજપની પેનલ તૂટી

**તળ** સુરતીને બદલે સૌરાષ્ટ્રીયનને આપેલી ટિકિટથી મૂળ સુરતી મતદારોમાં રોષની લાગણીથી ભાજપને એક બેઠકનું નુકસાન

**કોંગ્રેસના** અર્શદ જરીવાળા દ્વારા છેલ્લાં બે વર્ષથી મહેનત કરવામાં આવી હતી અને સામે ભાજપને આંતરિક જૂથબંધી નડી

**કોંગ્રેસને** જે રીતે મતો મળ્યા તે જોતાં જો એક ઉમેદવારનું ફોર્મ રદ ના થયું હોત તો આખી પેનલ જીતી જવાનો ચાન્સ હતો

સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં શહેરભરમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક વિજય નોંધાવ્યો હોવા છતાં વોર્ડ નં. 12 (નાણાવટ-સૈયદપુરા-મહિધરપુરા)ની એક બેઠક ગુમાવવી પક્ષ માટે મંથનનો વિષય બન્યો છે. સમગ્ર શહેરમાં કમળ ખીલ્યું હોવા છતાં આ વોર્ડમાં ભાજપની આખી પેનલ

...અનુસંધાન પાના 9 પર

### વોર્ડ નં.12માં ઓછા માર્જિનથી ફેરગણતરી કરાવી તો કોંગ્રેસના જીતેલા ઉમેદવારના મત વધી ગયા!

સુરતઃ જે વોર્ડમાં ભાજપની પેનલ તૂટી તેવા વોર્ડ નં.12માં જીતનું માર્જિન ખુબ ઓછું હોવાથી ભાજપે ફેરમતગણતરી માંગી હતી. જોકે, ફેરમતગણતરીમાં જીતનું માર્જિન વધી ગયું હતું અને કોંગ્રેસના એક ઉમેદવારને વિજેતા જાહેર કરાયો હતો. આ વોર્ડમાં ભાજપના ઉમેદવાર ચિરાગ સાવલીયાની માત્ર 319 મતોએ હાર થઇ હતી. નિયમ મુજબ 500 મતથી હાર્યા હોય તો ફેર મતગણતરીની માંગણી થઇ શકે તેથી ચિરાગ સાવલીયાએ ફેર મતગણતરી કરાવી હતી. જોકે, ફેરગણતરીમાં કોંગ્રેસના જીતેલા ઉમેદવાર અર્શદ જરીવાલાની લીડ 319થી વધીને 632 મતોની થઇ ગઇ હતી. ફેરગણતરીમાં એવું બહાર આવ્યું હતું કે, કોંગ્રેસના ઉમેદવારના એક મશીન પરના મતો જ ઉમેરવાના રહી ગયા હતા.

### 2021 કરતાં 2026માં ભાજપને વધુ 22 બેઠક સાથે 10 ટકા વધુ મત મળ્યા

સુરતઃ ગત વખત કરતાં આ વખતે ભાજપે વધુ બેઠકોની સાથે વધુ મતો પણ મેળવ્યા છે. ગત વખતે 2021માં ભાજપને 120માંથી 93 બેઠક મળી હતી અને પડેલા મતોની સામે તેને મળેલા મતોની ટકાવારી જોતાં 48.93% મતો મળ્યા હતા. જ્યારે આ વખતે એટલે કે 2026માં ભાજપને 120માંથી 115 બેઠક મળવાની સાથે પડેલા મતોની સામેની ટકાવારી જોતાં ભાજપને 58.51 ટકા મતો મળ્યા છે. જે દર્શાવે છે કે ગત વખત કરતાં આ વખતે ભાજપને બેઠકોમાં 22 અને ટકાવારીમાં 10 ટકાનો ફાયદો થયો છે.

## કોંગ્રેસના વોર્ડ નં.18ના ઉમેદવારને ભાજપના કાર્યકરોએ વાળ ખેંચી માર માર્યો

**બીજી** ઘટનામાં કોંગ્રેસના અસલમ સાયકલવાળા સાથે ટપલી દાવ કરાયો, પરિસ્થિતિ બગડે તેમ જણાતાં પોલીસે બાદમાં ઉમેદવારોને ગાંધી ઈજનેરી કોલેજના પાછલા બારણેથી બહાર કાઢ્યા

સુરતઃ મજૂરાગેટ, ગાંધી ઈજનેરી કોલેજ ખાતે આજે મતગણતરી દરમિયાન કેમ્પસમાં કોંગ્રેસના ઉમેદવારને વાળથી ખેંચીને ભાજપના કાર્યકરો દ્વારા માર મારવાની અને સાથે સાથે કોંગ્રેસના ઉમેદવારના પિતા અસલમ સાયકલવાળા સાથે ટપલી દાવ કરવાની ઘટના બની હતી. આ ઘટનાઓને પગલે વધુ માથાકુટ નહીં થાય તે માટે પોલીસે બાદમાં તમામ ઉમેદવારો અને તેમના સમર્થકોને ગાંધી ઈજનેરી કોલેજની પાછળના દરવાજેથી બહાર કાઢ્યા

...અનુસંધાન પાના 9 પર



## સુરત મહાપાલિકામાં હવે વિપક્ષ હશે પરંતુ વિપક્ષી નેતા પદ મળશે નહીં!

**અગાઉ** નિયમ પ્રમાણે 10 ટકા કોર્પોરેટરો હોવા જરૂરી હતા, બાદમાં 7 કોર્પોરેટરનો નિયમ બન્યો હતો

**હાલમાં** ચુંટાયેલા આપ કે કોંગ્રેસ પાસે 7 કોર્પોરેટર પણ નથી, જેથી વિપક્ષી નેતાપદ નહીં મળે

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ઇતિહાસમાં બીજી વખત એવું બનશે કે વિપક્ષનો નેતા નહીં હોય. 1995માં જ્યારે ચૂંટણી થઈ ત્યારે ભાજપે 99માંથી 98 બેઠક મેળવી હતી. એક બેઠક અપક્ષના ફાળે ગઈ હતી. સામાન્ય રીતે એવો નિયમ હોય છે કે જો કુલ કોર્પોરેટરોની સામે વિપક્ષના 10 ટકાથી વધુ કોર્પોરેટરો હોય તો તેમને ફરજિયાપણે વિપક્ષના નેતાનું પદ આપવું પડે છે. પરંતુ આ ચૂંટણીમાં એક જ અપક્ષ હોવાથી વિપક્ષના નેતાનું પદ અપાયું નહોતું.

ત્યારબાદ જ્યારે 2000ની સાલમાં ચૂંટણી થઈ ત્યારે ભાજપે 99 બેઠક પૈકી 46 બેઠક પર જીત મેળવી હતી. જ્યારે કોંગ્રેસે 36, એનસીપીએ 16 અને એક બેઠક અપક્ષના ફાળે ગઈ હતી. આ વખતે કોંગ્રેસ અને એનસીપી પાસે 10 ટકાથી વધુ બેઠકો હોવાથી બંનેને વિપક્ષી નેતા પદ મળ્યું હતું. જોકે, બાદમાં એનસીપીમાં ભંગાણ પડતાં એવી સ્થિતિ ઉભી થઈ હતી કે એક જુથ કોંગ્રેસ સાથે ભળી જાય તેમ હતું. જો આ જુથ કોંગ્રેસ સાથે ભળે તો સુરત મહાપાલિકામાંથી ભાજપની સત્તા જતી રહે તેવી સ્થિતિ સર્જાય તેમ હતી. આ કારણે સુરત મહાપાલિકાના ભાજપ શાસકોએ ઠરાવ કરીને એવો નિર્ણય કર્યો હતો કે એનસીપીના એક જુથમાં માત્ર 7 જ કોર્પોરેટરો હોવા છતાં પણ તેને વિપક્ષી નેતાપદ આપ્યું હતું. તે સમયથી 7 કોર્પોરેટરો હોય તો પણ વિપક્ષી નેતાપદ આપવું તેવો નિયમ અમલી બન્યો હતો. જોકે, આ વખતે આપ કે કોંગ્રેસની 7 બેઠકો પણ આવી નથી. જેથી આ બંને પક્ષને સુરત મહાપાલિકામાં વિપક્ષી નેતાપદ નહીં મળે.


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને |
|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- |

છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- |
|---|---|
| અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પાંચમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ઠાકોરભાઈ વલ્લભભાઈ પટેલ
સ્વ.તા. ૨૯/૦૪/૨૦૨૧

સખત મહેનત, સેવાની ભાવના અને સહનશીલતા જેવા સદ્‌ગુણોથી આપે જીવન સમૃદ્ધ બનાવ્યું, જીવનભર પુરૂષાર્થ કરી સૌને સુખ આપી ગયા. પ્રભુ આપના પવિત્ર આત્માને ચિર: શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. મણીબેન ઠાકોરભાઈ પટેલ (પત્ની)
સ્વ. રમેશચંદ્ર ટી. પટેલ (પુત્ર)
જયંતીભાઈ ટી. પટેલ (પુત્ર)
હર્ષદ ટી. પટેલ (પુત્ર) (એડવોકેટ)
રાજેશકુમાર રમેશચંદ્ર પટેલ (પૌત્ર)
કરીના, ફેની, પ્રિન્સ તથા સમસ્ત પટેલ પરિવાર
મુ.પો. આંધી, ઠાકોરદ્વાર બંગલો, તા. ઓલપાડ, જી. સુરત.

અઢારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રણજીતભાઈ દલસુખભાઈ સુરતી
સ્વ. તા. ૨૮/૦૪/૨૦૦૮
ગામ-સોસક

તૂટયુ આભ ફાટી ધરતી કાળની આ કેવી ગતિ? આમ સર્વ લૂંટાઈ ગયું કોને કહેવી આપવીતી? ભર બપોરે સૂરજ આથમી ગયો, તે જોઈ સમય પણ બળીભળી ગયો, સૂર્ય જેવું તેજસ્વી જીવન અચાનક ખરતા તારની જેમ ખરી પડ્યો. સુના થઈ ગયા ઘરના આંગણીયા, ઊડી ગયા પ્રાણ ફરી જન્મ લો, એજ પ્રાર્થના. પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.


લિ.
રમાકાંતભાઈ સુરતી તથા પરિવાર
ગામ-સોસક, તા. ઓલપાડ, સુરત

પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પંકજભાઈ દલસુખભાઈ સુરતી
સ્વ. તા. ૨૬/૦૪/૨૦૨૫
ગામ-સોસક

બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. શશીકાંત ડાહ્યાભાઈ ભોજાવાલા
સ્વ. તા. ૨૯.૦૪.૨૦૨૪

તમારી હાજરી નો આભાસ, ઘરમાં સાથે જ હોવાનો ભાસ, શબ્દસહ વાતોના ભણકારા, તમારા દર્શન ના અણસારા પરિવારને આત્મબળ અને પ્રેરણા આપતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
દમયંતિબેન શશીકાંત ભોજાવાલા
જીજ્ઞેશ શશીકાંત ભોજાવાલા જીગીશા જીજ્ઞેશ ભોજાવાલા
નીરવ શશીકાંત ભોજાવાલા ચૈતાલી નીરવ ભોજાવાલા
સુચીત, પ્રેક્ષા, હર્ષિત, કેવલ
તથા સમસ્ત ભોજાવાલા પરિવાર